
હીરાણી માતા પૂજન પુષ્પ
હીરાણી મહેતા પરિવાર પરિચય

# હૃદયની ઊર્મિઓને વાચા

હીરાણી માતાજી અને હીરાણી મહેતા કુટુંબની સંક્ષિપ્ત માહિતી. (અતીતના ઓવારેથી...), હીરાણી માતાજીની જેતીની વિધિની વિગતવાર માહિતી, હીરાણી મહેતા કુટુંબની વંશાવળી, ભારતભરનાં તેમજ વિદેશોમાં વસતાં હીરાણી મહેતા કુટુંબના ૨૫૪ પરિવારો (૧૭૬ ઘરો)ની ડિરેક્ટરી તથા વિવિધલક્ષી માહિતીસભર આ ''સંભારણું'' પૂજ્ય માતાજીના ચરણકમળોમાં સવિનય વંદન સાથે અર્પણ કરી આપણા કુટુંબીજનોને સાદર અર્પણ કરતા હર્ષ અનુભવું છું. ભાવિ પેઢીને આપણા પરિવાર અંગેની માહિતી તથા સંપર્ક તેમજ કુળદેવીની મર્યાદાઓ અને શુદ્ધ પધ્ધતિની પુજનવિધિ અંગેનું માર્ગદર્શન આપતી એવી પુસ્તિકા પ્રકાશિત કરવાની પ્રેરણા માતાજીના આદેશ રૂપી સ્વયંસ્ફૂરેલ સ્વપ્ન રૂપે હતી, જે આજે સાકાર થવા પામી છે, જે કાર્યમાં મને નિમિત્ત બનવાની તક સાંપડી છે, તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. વંશાવળીની માહિતીઓનું સંકલન ઓક્ટોબર ૧૯૯૨ સુધીનું કરવામાં આવેલ છે. આ માહિતીઓ એકત્રિત કરવામાં, પ્રકાશન કાર્યમાં તેમજ પ્રત્યક્ષ / પરોક્ષ સહાયક બનેલા કુટુંબીજનોની અત્રે નોંધ લેવી આવશ્યક સમજું છું. તેઓ પ્રત્યે ઋણસ્વીકાર દર્શાવું છું. અનેક પ્રયાસ છતાં આ પુસ્તિકામાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય અથવા આપને તેવી પ્રતિતી થાય તો તે બદલ ક્ષમા યાચના દર્શાવું છું.

તા. ફેબ્રુઆરી ૧૧, ૧૯૯૩.

આપનો,
**દિનેશ મહેતા**

૪૨, રીજ રોડ, ૩૬, પૂરબ એપાર્ટમેન્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૬.
ટેલીફોન નં. ૩૬૨ ૮૦ ૦૯, ૩૬૩૭૦ ૬૭.

# વિષય - સૂચી


| વિષય | પાનું |
|---|---|
| મૂળ સ્થાનક........................................ | ૪ |
| અતિતના ઓવારેથી (સંક્ષિપ્ત ઈતિહાસ).......... | ૪ થી ૬ |
| એક અનુભવ........................................ | ૭ |
| જેતી અને નિયમો .................................. | ૮ થી ૧૦ |
| ચોઘડીયાં............................................. | ૧૧ |
| અખાત્રીજ ની જેતી.................................. | ૧૨, થી ૧૫ |
| બળેવ ની જેતી ..................................... | ૧૬ થી ૧૭ |
| દશેરા ની જેતી....................................... | ૧૮ થી ૧૯ |
| ધનતેરશ ની જેતી .................................. | ૨૦ થી ૨૧ |
| દિવાળી ની જેતી .................................. | ૨૨ થી ૨૫ |
| સાથિયો ............................................... | છેલ્લે પાને |
| લગ્ન ના રીત રિવાજ ................................ | ૨૬ થી ૨૯ |
| પાતાળેશ્વર મહાદેવનાં વડાં-માતર.................. | ૨૭ |
| માઢ્ઢ માટલું ........................................... | ૨૭ થી ૨૯ |

| વિષય | પાનું |
| --- | --- |
| લગ્ન ની જેતી | ૨૯ થી ૩૧ |
| ફાગણેશ્વર ની મિઠાઈ | ૩૧ |
| છઠ્ઠી જાગરણ અને જેતી | ૩૧ થી ૩૨ |
| ઢાળ | ૩૨ |
| સિમંત-અધરણી | ૩૩ થી ૩૪ |
| સુવાવડ-પ્રસુતિ | ૩૪ થી ૩૫ |
| ગોતરજ-ઝારણું | ૩૫ થી ૩૬ |
| વાળ ઉતરાવવા | ૩૬ થી ૩૭ |
| માતાજીનાં ગીત | ૩૮ થી ૪૦ |
| વંશાવળી | ૪૧ થી ૬૧ |
| દત્તકની વિગત | ૪૩ |
| વસાહત-વર્ગીકરણ | ૬૨ |
| સરનામાં ADDRESSES | ૬૩ થી ૯૦ |
| દિવાળીની જેતી માટેનો સાથિયો | ૯૦-A |

વંશાવળીમાં પોતાનું નામ જોવા માટે, સરનામાંમાં નામ આગળ લખેલ PREFIX વંશાવળીનો પાના નંબર અને વંશ ક્રમાંક બતાવે છે. તે જુઓ.

## મૂળ સ્થાનક

પૃથ્વીરાજ ચૌહાણના કુટુંબી, ચૌહાણ રાજપુતો, ઝાલોર અને સિહોર આસપાસ સ્થાયી થયા, તેઓએ, તે પ્રદેશમાં ચારેબાજુથી પહાડોથી સુરક્ષીત સ્થાન સુંઢાજી ગામમાં પોતાની કુળદેવી ચામુંડા માતાજીની સ્થાપના કરી મંદિર બનાવ્યું. આજે તે સ્થાન ચામુંડા માતાજીના મંદિર તરીકે પ્રખ્યાત છે.

કોમ, નાત અને જાતના ભેદભાવ વિના ત્યાં લોકો દર્શન કરવા જાય છે.

સુંઢાજી ગામ, રાણીવાડા સ્ટેશનથી નજીક છે. પાલણપુરથી રેલ્વે માં ડીસા, ભીલડીઆજી થઈને જવાય છે. મોટર રસ્તે ધાનેરા, પાંથાવાડા થઈને ૧૨૫ કી.મી. લગભગ છે.

-ઉપરોક્ત માહિતી આધારભૂત સાધનોથી પ્રાપ્ત થઈ છે.

## અતીતના ઓવારેથી.....

ઉક્ત સંસ્મરણીય સંભારણાઓ, વારસાગત વાતો, લેખકોના લેખાંકો તથા ૬૦ વર્ષ અગાઉ જોધપુરથી આવેલ બારોટ (ચારણ કવિ) ના વારસાગત હસ્તલિખીત ઈતિહાસમાંથી મહેતા કાંતિલાલ ચીમનલાલે જાણેલ તથા અન્ય ભાઈઓ પાસેથી સાંપડેલ માહિતીના આધારે છે.

# અતીતના ઓવારેથી

## હીરાણી માતાજી તથા હીરાણી મહેતા

વિખ્યાત રાજપુત રાજા પૃથ્વીરાજ ચૌહાણનો દિલ્હીમાં શહાબુદ્દીન ઘોરીના હાથે પરાજય થતાં તેઓને ગઝની લઈ ગયા બાદ રાજપુત ચૌહાણ પરિવારો દિલ્હી છોડી રાજસ્થાનના વિવિધ સ્થળોએ સ્થાયી થયા, તે પૈકીના કેટલાક પરિવારોએ ઝાલોરમાં વસવાટ કર્યો.

સ્થાનાંતર અને સંગ્રામથી પરેશાન ચૌહાણ રાજપુતો જૈન મુનીઓના સમાગમ અને સાંનિધ્યમાં આવીને અહિંસાનો માર્ગ સ્વીકારી જૈન થયા. તેઓની કુળદેવી ચામુંડા માતાજી હતાં. જૈન થવાની સાથે સાથે તેઓએ કુળપરંપરાનુસાર કુળદેવીની પુજા પણ ચાલુ રાખેલ.

ઈસ્લામ રાજયનો તે ઉદયકાળ હતો. ઠેકઠેકાણે મુસલમાન સુબાઓ નિયુક્ત થયા હતા. ઝાલોરમાં પઠાણ સુબા હતા, જેના કારભારી તરીકે જૈન થયેલા રાજપુત ચૌહાણ હતા. કારભારી (દીવાન) મહેતા પણ કહેવાતા.

ઈ.સ. ૧૬૩૫ માં પઠાણ સુબાનો કુટુંબી લોહાની પઠાણ ફીરોજખાન પાલણપુર આવી સત્તારૂઢ થયેલ, સાથે તે હીરાચંદને કારભારી તરીકે લાવેલ. પાલણપુર આવતી વખતે હીરાચંદ પોતાની કુળદેવી ચામુંડા માતાજીને સાથે લાવેલા સમયાંતરે તેમના પરિવારજનો જૈન ધર્મ પાળતા હોવાથી તે વંશજો જૈન કહેવાયા. તે વંશજોએ માતાજીનું પુજન ચાલુ રાખ્યું. હીરાચંદ માતાજીને પાલણપુર લાવેલા હોઈ, માતાજી "હીરા ની માતા" ના નામથી ઓળખાતા હતા. કાળક્રમે તે નામ હીરાનીમાતા, હીરાણીમાતા અને ઈરાણીમાતા તરીકે સંબોધાયા અને તેમના પુજક પરિવારો અને તેમના વંશવારસો હીરાણી મહેતા કહેવાયા.

આજથી લગભગ સવા સદી અગાઉ હીરાચંદ મહેતાની આઠમી પેઢીના ગુમાનચંદ ધરમચંદે પોતાના ઘરના પહેલે માળે માતાજીની વ્યવસ્થિત સ્થાપના કરી તે સ્થળ હીરાણી કુટુંબને ''માતાજીના સ્થાનક'' (માતાજીની મેડી) તરીકે અર્પણ કર્યું. આ મૂળ સ્થાનક આજે પણ પથ્થર સડક ઉપર છે, જયાં લોકો નિયમીત માતાજીના દર્શન કરવા આવે છે અને હીરાણી પરિવારજનો ત્યાં નિયમીત જેતી કરે છે.

ગુમાનચંદના વારસદાર પુત્ર હરીભાઈએ સ્થાનકની યોગ્ય દેખભાળ રાખી, દરમ્યાન તેઓ જોધપુર શાળામાં પ્રાધ્યાપક તરીકે નીમાયા અને ત્યાં સ્થાયી થઈ ગયા. છતાં તેઓએ પોતાના કુટુંબીઓને યાદ રાખી, પાલણપુર રહેતા ચમનલાલ મંછાચંદ મહેતાનો સંપર્ક જાળવી સંયુક્ત પરિશ્રમ કરી હીરાણી મહેતા પરિવારની વંશાવળી બનાવી. તે સમયે પૂરતી મુદ્રણ સુવિધા ન હોવા છતાં હરીભાઈએ તે જોધપુરમાં છપાવી તા. ૧-૭-૧૯૪૩ના રોજ પ્રકાશિત કરી કુટુંબીજનોને ભેટ તરીકે આપી હતી.

હરીભાઈના સ્થળાંતર બાદ માતાજીના સ્થાનકની વ્યવસ્થા ચમનલાલ મંછાચંદે આશરે ૫૦ વર્ષ સુધી સંભાળી ત્યારબાદ તેમના પુત્ર કાંતિભાઈ તે વ્યવસ્થા આજ સુધી સંભાળી રહ્યા છે.

માતાજીનો મહિમા, સત્ અને ચમત્કારની સૌરભના કારણે હીરાણી મહેતા ઉપરાંત અન્ય જૈનો તથા જૈનેતર ભાવિકો માતાજીમાં અપાર શ્રધ્ધા સેવે છે. તેઓ લગ્ન અને બાળકના જન્મ અવસર નિમિત્તે માતાજીને શ્રીફળ અચુકપણે ચઢાવે છે. હીરાણી કુટુંબો વંશ પરંપરાગત રીતે અખાત્રીજ, બળેવ, દશેરા, ધનતેરશ અને દિવાળી તથા લગ્ન અવસરે માતાજીની જેતી કરે છે.

**નોંધ:** કેટલીક જગ્યાએથી એવું પણ જાણવા મળેલ છે કે હીરાચંદના બે પુત્રો પાટણથી ઈ.સ. ૧૭૦૯ માં પાલણપુરમાં આવી વસ્યા હતા અને તેઓ માતાજીને સાથે લાવેલ હતા.

# એક અનુભવ...

હીરાણી કુટુંબના એક બિમાર રહેતા સવા વર્ષના પુત્રને અચાનક લોહીના ઝાડા થઈ જતાં તેના વડિલોએ માતાજીના' સ્થાનકે દર્શન કર્યા-કરાવ્યા અને બીજા દિવસે તદ્દન સાજો થઈ ગયો, ત્યારથી માતાજીની જેતી અત્યંત શ્રધ્ધા પુર્વક શરૂ કરી, માતાજીની અમીદ્દષ્ટિના સ્પર્શની પ્રતિતિ વારંવાર થતી જોવા મળી હોય તેવા એક કુટુંબીજનોને સાક્ષાત સ્વાનુભવ અત્રે રજુ કરતાં હર્ષ અને ગૌરવ થાય છે.

માતાજીના જેટલા ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે. માતાજીની ભક્તિ કરીએ, જેતી કરીએ તો જ પ્રસન્ન થાય તેવું નથી. તેમના સ્મરણ માત્રથી આપણું કલ્યાણ થાય છે.

માતાજી કુટુંબની રક્ષા પણ કરે છે તેમજ શક્તિ અને સમૃધ્ધિ પ્રદાન કરે છે તેને લગતા આવા અનેક અનુભવો કુટુંબજનોને તથા અન્ય વ્યક્તિઓને થયેલ છે.

'મા તે મા, બીજા બધાં વગડાના વા' કહેવતાનુસાર માતાજીની હુંફ અને માતાજીની મીઠી નજર તો કુટુંબો પર સદાય હાજરાહજુર છે જ, તેમા કોઈ શંકા નથી.

જય હીરાણી માતા



# હીરાણી માતાજીની જેતી

હીરાણી મહેતા કુટુંબો વર્ષ દરમ્યાન (૧) અખાત્રીજ (૨) બળેવ (૩) દશેરા (૪) ધનતેરશ (૫) દિવાળી, એમ પાંચ જેતી કરે છે. જેતીનો અર્થ પૂજન થાય છે. જેતી શબ્દ ગુજરાતી ભાષામાં પ્રચલિત નથી, ફક્ત પાલણપુરના જૈન કુટુંબો આ શબ્દનો ઉપયોગ કરે છે.

જેતી કરવાનો આશય હીરાણી કુટુંબના સભ્યો શુભ દિવસોએ ભેગા મળી માતાજીની ભકિત અને ઉપાસના કરે તેવો જણાય છે. તે મુજબ સમય અને સ્થળને અનુસરી શુભ પ્રસંગો કુળદેવીની જેતી કરીને ઉજવવા એવો રિવાજ વંશ પરંપરાગત ચાલુ છે. શુભ પ્રસંગોએ બનતા મિષ્ટાન માતાજીને ચઢાવી, કુંવાસી ને પ્રથમ ચખાડ્યા પછી જ ઘરમાં ઉપયોગમાં લેવાય છે. કુંવાસીને પ્રથમ ચખાડવાનો હેતુ સ્ત્રીઓને વિશિષ્ટ આદર આપવાનો હીરાણી કુટુંબનો આશય જણાય છે, કેમકે તે કાળમાં સ્ત્રી સન્માન તરફ સમાજનું ધ્યાન બહુજ ઓછું હતું.

કુટુંબમાં શોક હોય તો પણ જેતી ફરજીઆત કરવાની પ્રણાલી છે. આ પ્રણાલીનો હેતુ કુટુંબનું દુઃખ હળવું કરવા માટે હોય તેમ જણાય છે. કેમકે અગાઉના સમયમાં શોક બહુ લાંબો સમય પાળવાનો રીવાજ હતો.

ઈ.સ. ૧૯૬૦ સુધી લગભગ બધાજ હીરાણી કુટુંબો પાલણપુરમાં હતા ત્યારે, દરેક કુટુંબો ''માતાજીની જેતી'' કરવા માતાજીના સ્થાનકે જતાં, ત્યાં દરેક કુટુંબને જેતી કરવા માટેનો ક્રમવાર નંબર મળતો. છેલ્લી જેતી કરતાં રાતના ૧૨ થી ૨ વાગી જતા, તેમ છતાં કુટુંબમાં આનંદ ઉલ્લાસ નું વાતાવરણ રહેતું. માતાજીની જેતી કરવામાં ભકિતભાવ અને પવિત્રતા જળવાય તે ખાસ મહત્વનું છે.

# જેતી માટેના નિયમો

ભકિતભાવ અને પ્રણાલી જળવાઈ રહે એને માટે નિયમો અને વિધિ સૂચવેલ છે. દરેક કુટુંબોમાં સામાન્ય રિવાજ સરખા જ છે. પણ કેટલાક કુટુંબમાં વંશ પરંપરાગત પોતાની રીતો જુદી છે. જે કુટુંબમાં જે રીતથી જેતી થતી હોય તેમ કરવી.

(૧) જેતી કરવા માટે બનાવેલ સામગ્રી અબોટ રાખવી (પવિત્રતા રાખવી) માતાજીની જેતી કર્યા પછી કુંવારીને ચખાડીને પછી જ ઘરમાં ઉપયોગમાં લેવી.

(૨) જેતી કુટુંબના વડીલ કરે છે. જયારે ભાઈ અથવા દીકરો જુદા રહેવા જાય અથવા કુટંબના બીજા સભ્યને જેતી કરવાનો પ્રસંગ આવે ત્યારે તેઓએ, "અખાત્રીજ ની જેતી" પહેલી વખત કરી શરૂઆત કરવાની હોય છે અને જેતી કરવાની જગ્યા (નવા ઘરમાં) નક્કી કરી બધી જેતી તે જગ્યાએ જ કરવાની હોય છે. જેતી બંધ કરવાની હોય તો દિવાળીની છેલ્લી જેતી કરી, જેતી બંધ કરવાની પ્રથા છે. અધવચ્ચેથી જેતીની શરૂઆત કે જેતી બંધ થતી નથી.

(૩) ગમે તેવા શોકના સમયમાં પણ જેતીના દિવસે જેતી કરવી જરૂરી છે.

(૪) કોઈ પણ ઉંમરનો પુરુષ સભ્ય નિયમ (૨) ને અનુસરીને જેતી કરી શકે છે. કુટુંબમાં પુરુષ ન હોય તો હીરાણી કુટુંબના કોઈ પણ જેતી કરતા સભ્ય પાસે જેતી કરાવી શકે છે.

(૫) જેતી કરનાર વ્યકિતએ નાહી, સ્વચ્છ વસ્ત્રો પહેરી, માથે ટોપી પહેરીને જેતી કરવી.

(૬) ઘરમાં નક્કી કરેલ એકજ જગ્યાએ બધી જેતી કરવી. જેતી ના દિવસે સવાર-સાંજ ઘીનો દીવો કરવો.

(૭) દરેક જેતી ના દિવસે તેમજ ધનતેરશથી ભાઈબીજ સુધી સવાર-સાંજ માતાજીનો દીવો કરવો.

(૮) અખાત્રીજ, બળેવ, દશેરા અને ધનતેરશની જેતી સવારના શુભ મુહૂર્તમાં અને દિવાળી જેતી સાંજના શુભ મુહૂર્તમાં કરવી.

(૯) ધનતેરશની જેતી કર્યા પહેલાં જેતી કરનારે કંઈપણ આહાર કરવો નહીં. કેટલાક કુટુંબના બધાજ સભ્યો દૂધનો ઉપયોગ કરતા નથી.

(૧૦) ધનતેરશ થી ભાઈબીજ સુધી પૂજાનો પાટલો તેના સ્થાન ઉપરજ રાખવો.

(૧૧) જેતી ના પ્રસાદ (સામગ્રી) ને બીજી વખત ચુલા પર ચડાવી ને ગરમ ન કરવો.

(૧૨) શ્રીફળ વધેરેલું હોય તેની કોઈ ચીજ બનાવવામાં ઉપયોગ કરવો નહીં. કોપરૂં શેષ તરીકે ખાવામાં વાપરી નાખવું.

(૧૩) જેતીના દિવસે પાપડ શેકવો નહીં, તેમજ ખાવો પણ નહીં. કેટલાક કુટુંબમાં કપડાં ન ધોવાની અને વાળમાં કાંસકો ન ફેરવવાની પ્રથા છે.

## દિવસના ચોઘડીયા

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ |
| ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ |
| શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ |

## રાત્રિના ચોઘડીયા

| રવિ | સોમ | મંગલ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ |
| ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ |
| લાભ | શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચળ | કાળ |
| શુભ | ચળ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |